# સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના સદસ્યો ચૂંટાયા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા પંચાયતના સભાગૃહમાં સોમવારે સાંજે ૪ કલાકે જિલ્લા ક્લેક્ટરના અધ્યક્ષ સ્થાને મળેલી પ્રથમ સામાન્ય સભામાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજી હતી. જેમાં વડાલી તાલુકાના નાદરી જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટાયેલા રાજેન્દ્રસિંહ કુંપાવતની પ્રમુખ તરીકે જ્યારે પાટડીયા બેઠક પરથી ચૂંટાયેલા કોંગ્રેસના સદસ્ય નેતાભાઈ સાજુભાઈ સોલંકીની ઉપપ્રમુખ તરીકે વરણી કરાઈ હતી.

જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસના ૨૯, જ્યારે ભાજપના ૭ સદસ્યો ચૂંટાઈ આવતા કોંગ્રેસે ભાજપ પાસેથી સત્તા આંચકી લીધી હતી. જિલ્લા ક્લેક્ટર પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને મળેલી સામાન્ય સભામાં પ્રમુખ પદ માટે કોંગ્રેસ પક્ષ તરફથી વ્હીપ મળતા વડાલી તાલુકાના નાદરી જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટાયેલા સદસ્ય રાજેન્દ્રસિંહ કુંપાવતે પ્રમુખપદ માટેનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જ્યારે ભાજપ તરફથી રાયગઢ જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટાયેલા સદસ્ય મહેન્દ્રસિંહજી લાલસિંહજી રહેવરને હાઈકમાન્ડ તરફથી વ્હીપ મળતા પ્રમુખ પદ માટે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું.

જિલ્લા ક્લેક્ટર પી. સ્વરૂપે સભાગૃહમાં જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટેના નામોની જાહેરાત કરતા કોંગ્રેસના રાજેન્દ્રસિંહ કુંપાવતને ૨૯, જ્યારે ભાજપના મહેન્દ્રસિંહજી લાલસિંહજી રહેવરને ૭ મત મળ્યા હતા. જેના પરિણામે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે કોંગ્રેસના રાજેન્દ્રસિંહ કુંપાવતને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે ઉપપ્રમુખ પદ માટે પાટડીયા બેઠક પરથી ચૂંટાયેલા કોંગ્રેસના સદસ્ય સોલંકી નેતાભાઈ સાજુભાઈએ ઉમેદવારી કરી હતી. તો બીજી તરફ ભાજપ તરફથી બેરણા બેઠક પરથી ચૂંટાયેલા ગણપતભાઈ પટેલે દાવેદારી કરી હતી. જેમાં કોંગ્રેસના નેતાભાઈ સાજુભાઈ સોસંકીને ૨૯, જ્યારે ભાજપના ગણપતભાઈ પટેલને ૭ મત મળ્યા હતા.




## શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ માનદ્ વેતનથી ભરાશે

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલી જગ્યાઓમાં કાયમી ભરતી ન થાય ત્યાં સુધી સરકારી અને ગ્રાન્ટેબલ શાળાઓમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન સહિતના અગત્યના વિષયોના શિક્ષકોની ખાલી જગ્યાઓ માનદ વેતનથી ભરવાનો અગત્યનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કે માનદ વેતનથી શિક્ષકોની પસંદગી કરીને પ્રાથમિક માટે રૂપિયા ૩૦૦, માધ્યમિક માટે રૂપિયા ૪૫૦ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકને રૂપિયા ૫૪૦નું દિવસ દીઠ માનદ વેતન અપાશે. આમ સરકારી શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા અને અનુદાનિત શાળાઓમાં સરકારના અધિકારીઓ અને સંચાલકોની સાથે રહી માનદ વેતનથી હંગામી નિમણૂંક કરાશે.

# આઠ જિલ્લા પંચાયત અને છયાંસી તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન

ગાંધીનગર, તા.૨૨

આજ રોજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની વરણીના દિવસે ૮ જિલ્લા પંચાયતો ભાજપા શાસિત બની અને ૮૬ તાલુકા પંચાયતોમાં ભાજપાના પ્રમુખ-ઉપપ્રમુખ ચુંટાયા હતા.

શ્રી જાડેજાએ વિગતો આપતા જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પોરબંદર, વલસાડ, કચ્છ, નવસારી, સુરત, પંચમહાલ જિલ્લા પંચાયતોમાં ભાજપાએ બહુમતી મેળવી હતી અને ડાંગ અને ગીર સોમનાથમાં પણ ભાજપાના પ્રમુખ-ઉપપ્રમુખ ચુંટાતા કુલ ૮ જિલ્લા પંચાયતો ભાજપા શાસિત બની છે. રાજયની તાલુકા પંચાયતોમાં ૬૧ તાલુકા પંચાયતોમાં ભાજપાને સંપૂર્ણ બહુમતી મળી હતી જયારે ૧૭ તાલુકા પંચાયતોમાં અપક્ષો અને અન્ય પક્ષોના સભ્યોએ સમર્થન કરતા ટાઈની સ્થિતિમાં ૮ તાલુકા પંચાયતમાં એમ કુલ ૬ તાલુકા પંચાયતોમાં ભાજપાના પ્રમુખ-ઉપપ્રમુખ ચુંટાઈ આવતા ૮૬ તાલુકા પંચાયતો ભાજપા શાસિત બની છે અને વધુમાં ૬ તાલુકા પંચાયતોમાં ભાજપાના ઉપપ્રમુખ પણ ચુંટાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપાએ આ ૮૬ તાલુકા પંચાયત પૈકી ૨૮ તાલુકા પંચાયત બિનહરીફ પ્રાપ્ત કરી છે.

## ચેસ ટુર્નામેન્ટમાં ડૉ. નીતિન દવે વિજેતા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ચેસ એસોસીએશન દ્વારા તાજેતરમાં સીનીયર સીટીઝન્સ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં મોટી સંખ્યામાં વડીલોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર ખાતેથી ડૉ. નીતિન દવે ચેમ્પિયન બન્યા હતા. આગામી યોજનાર ઓલ ગુજરાત સીનીયર સીટીઝન્સ ચેસ ટુર્નામેન્ટમાં ગાંધીનગરનું પ્રતિનિધિત્વ નીતિનભાઈ દવે કરશે. આ સિધ્ધી બદલ નગરના રમતપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

## 'માય જીમ' ચિલ્ડ્રન્સ ફીટનેસ સેન્ટરનો પ્રારંભ

તા. ૨૧ ડીસેમ્બરથી અમદાવાદમાં બાળકો માટેની પ્રથમ ફીટનેસ સેન્ટર 'માયજીમ'નો પ્રારંભ થયો છે. કર્ણાવતી કલબ નજીક એવલોન હાઉસ ખાતેનું આ જીમ અતિ આધુનિક સાધનો તથા તાલિમબધ્ધ ઈન્સ્ટ્રક્ટર્સથી સજ્જ છે. જેમાં ૬ વર્ષથી લઈને ૧૨ વર્ષસુધીના બાળકો આ જીમનો લાભ લઈ શકશે. આ જીમના માલિક ઉર્વી પટેલના જણાવ્યા અનુસાર 'માય જીમ' એ બાળકોની ફીટનેસની જરૂરિયાતો એક જ સ્થળે પુર્ણ કરતું સ્થળ છે.

## સલામત અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક, ખોરાકમાં ભેળસેળ સામે ઝુંબેશ

ગ્રાહકોને તેમના હક્કો પ્રત્યે જાગૃત કરવા તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રાહકોના હિતોને આગળ વધારવા તા. ૨૪મી ડિસેમ્બર-૨૦૧૫ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન તરીકે ઉજવાય છે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજયમાં તા. ૨૧ ડિસેમ્બરથી તા. ૩૦ ડિસેમ્બર સુધી ગ્રાહક જાગૃતિ સપ્તાહ ઉજવવામાં આવશે.

## આઈટી એક્સ્પો... ● ત્રીજા પાનાનું ચાલુ

શરૂ કર્યા બાદ વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૨માં દ્વીતીય-તૃત્તીય એક્સ્પોના સફળ આયોજન કર્યા છે. આ વર્ષે ચતુર્થ આઈટી એક્સ્પો વધુ આકર્ષણો સાથે યોજાઈ રહ્યો છે. જેમાં કોમ્પ્યુટર સંબંધિત, સોફ્ટવેર, ઓફિસ ઓટોમેશન, સિક્યુરિટી સિસ્ટમ, ટેલિકોમ અને એજ્યુકેશન, બેંકીંગ સહિત અનેકવિધ ઉપયોગી



ચતુર્થ એક્સ્પોમાં ૬૬ જેટલી સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. જેમાં આીટી ઉદ્યોગની બનાવટોનું નિદર્શન અને વેચાણ કરાશે. એક્સ્પોમાં ઉત્તરોત્તર મુલાકાતીઓની સંખ્યામાં થઈ રહેલ વધારાને જોતા કાફેટેરીયાની પણ સુવિધા રાખવામાં આવી છે. વર્તમાન સમયમાં આધુનિક ટેનકોલોજીનો ઉપયોગ સામાન્ય થઈ ગયો છે અને સમાજના તમામ વર્ગ તેમજ વયના લોકો તેની સાથે જોડાઈ ચૂક્યા છે ત્યારે ટેકનોલોજીથી માહિતગાર થવા સાથે તેના હકારાત્મક ઉપયોગની દિશામાં સમજ લાવવી ખૂબ જરૂરી છે. ખાસ કરીને કિશોરો-યુવાનો સોફ્ટવેર-ટેકનનોલોજીમાં ગળાડૂબ રહ્યા છે. પરંતુ સીનિયર સીટિઝન્સમાં તેની જાણકારીના અભાવે ગેરસમજ અને નકારાત્મક અભિગમ હોઈ નવી જૂની પેઢી વચ્ચે ટેકનોલોજી બાબતે જનરેશન ગેપ ઉભો થયો છે. આ ગેપ દૂર થવો જરૂરી છે. ત્યારે ગાંધીનગર આઈટી એસોસીએશન દ્વારા આ ચતુર્થ સ્માર્ટ એક્સ્પોમાં વિશેષ કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. જેના ભાગરૂપે સીનિયર સિટીઝન્સને સ્માર્ટ ફોન, લેપટોપ સહિતના ઉપકરણોના હકારાત્મક ઉપયોગ તેમજ તેની અનિવાર્યતા સંદર્ભે માહિતી યુવાઓ દ્વારા જ આપવામાં આવશે. ગૃહિણીઓને પણ આઈટીની જાણકારી ઓછી હોઈ તાલીમ સાથે જરૂરી માહિતી અપાશે. જ્યારે આઈટી પ્રત્યે વધુ ક્રેઝ ધરાવતા કીડ્ઝ-ટીનેજર્સ માટે 'ભારતીય સંસ્કૃતિને ઓળખો' વિષય પર સ્પેશ્યલ ક્વીઝ યોજાશે, જે તેઓની ભાવિ કારકિર્દી માટે પણ મદદરૂપ બની રહેશે. ઉલ્લેખનીય છે કે આ બંને ઈવેન્ટ્સમાં યોગ્ય નીવડેલ સીનિયર સીટીઝન્સ, કીડ્સ-ટીનેજર્સને આકર્ષક ઈનામો પણ આપવામાં આવનાર છે. એકસોપની ધ્યાનાકર્ષક બાબત એ પણ છે કે, ગાંધીનગરને સ્માર્ટ સિટીની પસંદગીની યાદીમાં સ્થાન અપાયું છે. ત્યારે 'સ્માર્ટ સીટી'ના મુદ્દાને પણ પ્રાધાન્ય આપી જાગૃત નાગરિકો પાસેથી શહેરને સ્માર્ટ સીટી કઈ રીતે બનાવી શકાય, ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સહયોગથી ગાંધીનગર કેવું 'સ્માર્ટ' હોવું જોઈએ એ અંગેના સલાહ-સૂચનો મંતવ્યો પણ મેળવવામાં આવશે, જે લેખિતમાં મોકલી આપવાના રહેશે.

સાથે, પ્રદર્શન દરમ્યાન એક મંચ પર સરકારના પ્રતિનિધિ સાથે નાગરિકોનો સીધો સંવાદ પણ યોજાશે. ઉપરાંત નાગરિકો તેમના મંતવ્યો નિયત ફોર્મમાં મોકલી શકશે. શ્રેષ્ઠ મંતવ્યો મોકલનારને પણ ઈનામોથી નવાજવામાં આવશે. ત્રિદિવસીય આ સ્માર્ટ આઈટી એક્સ્પોમાં કોમ્પ્યુટરની દુનિયાની તમામ લેટેસ્ટ પ્રોડક્ટસ તથા ટેકનોલોજીના પ્રત્યક્ષ નિદર્શન ઉપરાંત રસપ્રદ ઈનામી સ્પર્ધામાં જોડાઈને ટેકનોલોજીની જાણકારી મેળવવાનો ત્રેવડો લાભ લેવા આઈટી એક્સ્પોની મુલાકાત લેવી જ રહી.

## ગુલમોર (૪ પાનાનું ચાલુ...)

પણ ખબર હોય છે કે આ સોનું છે, તેમ છતા સોની સોનાની ખરાઈ કરે છે. સોની કદી પિત્તળની ખરાઈ કરતા નથી. કેમ કે સોનીને પિત્તળ છે, એની ખબર પહેલેથી જ હોય છે. સોનાની પણ પહેલાથી જ ખબર હોય છે. આટલો તફાવત સાચ અને બનાવટમાં રહેલો હોય છે.

દરેક પ્રેમ કરનારનું અંતિમ ધ્યેય સેક્સ ન જ હોઈ શકે. પરંતુ સેક્સ કરનારનું તો એ જ મુખ્ય ધ્યેય હોઈ શકે. દરેક પતિ-પત્ની વચ્ચે સેક્સસંબંધ બંધાય છે, પંરતુ બધા જ પતિ-પત્ની વચ્ચે પ્રેમસંબંધ સ્થપાયેલો હોય એવું હંમેશા બનતું નથી. સ્ત્રી-પુરુષ લગ્ન કરે એટલે તેમની વચ્ચે સેક્સ શક્ય બને, પરંતુ લગ્ન કરવાથી આપોઆપ બે જણા વચ્ચે પ્રેમ સ્થપાય એવું દરેક કિસ્સામાં બનતું નથી. પ્રેમ કરનાર જ્યારે સેક્સમાં જોડાય ત્યારે માત્ર બે શરીર જોડાય છે એવું નથી પરંતુ બે વ્યક્તિને ડિવાઈન લવ, હોલી ફિલિંગ્સનો અનુભવ થાય છે. જાણે કે બે આત્માનું મિલન થયું હોય એ અનુભૂતિમાંથી પસાર થાય છે. પ્રેમમાં માત્ર તન જ નહીં, પરંતુ મન પણ આપોઆપ જોડાઈ જતાં હોય છે. પ્રેમ એટલે માત્ર શરીર જ નહીં, શરીરની સાથે સાથે મનનું પણ મિલન.

પ્રેમ હોય ત્યારે બેઉ વચ્ચે અન્ડરસ્ટેન્ડિંગ પણ આપોઆપ સ્થપાઈ જાય છે. એક વ્યક્તિ શું કહેવા માગે છે એ બીજી વ્યક્તિ તરત સમજી જાય છે, એ પ્રેમ છે. એક વ્યક્તિને શું ગમે છે, એ બીજી વ્યક્તિને કહ્યા કે પુછ્યા વિના ખબર પડી જાય છે, એ પ્રેમ છે. પ્રેમ કરતા હોય તો જ આવું શક્ય બને છે. બાકી તો લગ્ન થયા પછી વર્ષો સુધી પતિ-પત્ની એકબીજાને સમજી શકતાં નથી અને એમ જ તેમની જિંદગી એક દિવસ સમાપ્ત પણ થઈ જતી હોય છે. પ્રેમની ગેરહાજરીનું એ પરિણામ હોય છે. પતિ-પત્ની પ્રેમથી જોડાયા હોતા નથી, પરંતુ સામાજિક વ્યવસ્થાથી જોડાયેલા હોય છે. પ્રેમથી જોડાયેલાં પતિ-પત્ની બહુ ઓછા જોવા મળે. કજોડું અથવા મિસ-મેચ પેર ફક્ત બાળક પેદા કરી શકે છે, પરંતુ પ્રેમ પ્રગટ કરી શકે નહીં. કેમ કે પ્રેમ તો આપોઆપ અને સ્વયંભૂ પ્રગટ થતો હોય છે. એ માટે કોઈ પ્રયત્ન કરવા પડતા નથી. કજોડાં વચ્ચે સમજણનો અભાવ હોય છે, એમને કોઈ પીડા કે તકલીફ પણ પડતી નથી. પરંતુ બે પ્રેમી માટે તો પીડા અને તકલીફનો પાર નથી હોતો. બે પ્રેમી જ્યારે એક થાય છે, ત્યારે માત્ર શરીરથી જ નહીં, મનથી એક થાય છે અને એકમેકને સમર્પિત થાય છે. સમર્પણનો ભાવ જ પ્રેમની પૂર્વશરત હોય છે. સૃષ્ટિના ક્રમ પ્રમાણે બચ્ચા તો પશુ-પક્ષી કે દરેક જીવ પેદા કરે છે. છતા એ જીવોમાં પ્રેમનું તત્વ ગેરહાજર હોય છે. કારણ કે પ્રેમ ફક્ત માણસજાત જ કરી શકે.

'વો મુજસે રિશ્તા તોડકર ચલી ગઈ,યહ કહકર,
મૈં તો તુમસે મુહબ્બત શિખને આઈ થી, કિસી ઔર કે લીયે.'

- અજ્ઞાત

## મિલ્કતો સીલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બુધવારે પણ આ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેમ પણ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. બીજીતરફ મહાનગરપાલિકની આ હરકત સામે વેપારીઓ આગ બબુલા બન્યા છે. નગરના અસરગ્રસ્ત વેપારીઓ દ્વારા આ મામલે લડત આપવા નવી નિતિ નક્કી કરવામાં આવી છે. જેમા આગામી દિવસોમાં જરૂર પડે તો બંધનુ એલાન પણ આપવામાં આવશે. વેપારીઓ આ અંગે મહાનગરપાલિકના કમિશ્નર સમક્ષ પણ રજુઆત કરવામાં આવશે. જયારે બુધવારે વેપારીઓ મૌન રેલી પણ યોજશે.

## બિલ પસાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી દેવામાં આવી છે. આ બિલ કોઈપણ સુધારા વગર પસાર થયું છે. સીપીઆઈ દ્વારા બિલને પસંદગી સમિતિમાં મોકલવાની દરખાસ્ત ફગાવી દેવામાં આવ્યા બાદ સાંસદોએ વાંધો ઉઠાવ્યો હતો.

# નેશનલ સ્કુલ ગેમ બેઝબોલ સ્પર્ધામાં ગુજરાતની ટીમનો શાનદાર દેખાવ

## બિલાસપુર ખાતે આયોજીત નેશનલ ગેમમાં ૧૪ રાજયોના રમતવીરોએ ભાગ લીધો હતો

ગાંધીનગર તા.૨૨

નેશનલ સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા છતીસગઢના બિલાસપુર ખાતે નેશનલ કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં દેશભરમાંથી ૧૪ રાજયોની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં અન્ડર-૧૭ અને ૧૯ માં ગર્લ એન્ડ બોયઝ વિભાગની બેઝબોલની ટીમે શાનદાર દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

સમગ્ર ભારતમાં શાળામાં ભણતા વિદ્યાર્થીઓ, બાળકોમાં રહેલી આંતરિક શકિતઓ ખીલે અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ રમતમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરે તે માટે યુવા વિદ્યાર્થીઓ માટે દર વર્ષે સ્કુલ ગેમ ઓફ ફેડરેશન દ્વારા નેશનલ સ્કુલ ગેમનું આયોજન કરવામાં આવે છે. દરવર્ષની જેમ આ વર્ષે પણ છતીસગઢના બિલાસપુર ખાતે નેશનલ ગેમ યોજાઈ હતી. જેમાં દેશના ૧૪ રાજયોના યુવા રમતવીરોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. હોકી, કબડ્ડી, ક્રિકેટ, ગોળાફેંક, ભાલાફેંક, ચક્રફેંક, દોડ,



રીલે દોડ, એથ્લીટ સહિત બેઝબોલનો સમાવેશ થાય છે. આ નેશનલ સ્કુલ ગેમમાં ગુજરાતમાંથી પણ અંડર-૧૭ અને ૧૯ ખેલાડી ગલ્સ અને બોય્ઝ મળી કુલ ૬૪ ખેલાડી બે કોચ તેમજ બે મેનેજર જોડાયા હતા. બિલાસપુર ખાતે ૧૫ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન આયોજીત નેશનલ સ્કુલ ગેમમાં ગુજરાતની અંડર-૧૯ બોય્ઝ ટીમે બેઝબોલમાં શાનદાર દેખાવ કરી રાષ્ટ્રીય સ્તરે ચોથા ક્રમે વિજેતા બન્યા હતા.જયારે અન્ડર ૧૭ બેઝબોલમાં ગલ્સની ટીમે રાષ્ટ્રીય સ્તરે પાંચમું સ્થાન હાંસીલ કર્યુ છે. ગુજરાતની રાષ્ટ્રીયકક્ષાએ નામના વધારી છે જે ગૌરવની વાત છે. આ યુવા રમતવીરોને નેશનલ ગેમ્સ બેઝબોલ સ્પર્ધા માટે કોચ હાર્દીક મારુ અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ સઘન તાલીમ આપી તૈયાર કર્યા હતા. આ ગેમમાં મેનેજર તરીકે કિશોર પટેલ અને દિવ્યા આહીરે પણ સેવા બજાવી હતી. ગેમમાં રાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતના કલોલ, મહેસાણા, ગાંધીનગર રાજકોટ, આણંદ, જુનાગઢ, વલસાડ અને અમદાવાદ સહિતના શહેરોમાંથી ખેલાડીઓએ ભાગ લઈને ગૌરવ અપાવ્યું હતું.

## અસંતુષ્ટ જુથને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાય તેવી પણ સહમતિ સધાઈ હતી. ખાસ કરીને કારોબારી, બાંધકામ, સામાજિક ન્યાય, શિક્ષણ, કૃષિ અને સહકાર, અપીલ સમિતિ, વીસ મુદ્દા અમલીકરણ સમિતિમાં અસંતુષ્ટ જૂથના સભ્યોને જ સમાવવામાં આવશે. આરોગ્ય અને મહિલા બાળ કલ્યાણમાં પણ સ્થાન આપવામાં આવશે.

આજે વહેલી સવારથી જ કોંગ્રેસના બન્ને જૂથો વચ્ચે સમાધાન થઈ ગયાની વાતો બહાર આવી હતી પરંતુ તંત્રના અધિકારીઓએ તેમની તૈયારીમાં કોઈજ કચાશ બાકી રાખી ન હતી. જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શ્રી જશુભા રાણા, શ્રી યાકુબ મન્સુરી, શ્રી હરિભાઈ ચૌધરી સહિતના આગેવાનો ઘીના ઠામમાં ઘી પડી ગયાની વાતો કાર્યકરોને કરતા નજરે પડ્યા હતા. આજે સવારથી જ કોંગી કાર્યકરો સરકીટહાઉસ ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કોંગી નેતાઓ એવુ કહેતા સંભળાયા હતા કે મેન્ડેટ તેમના નામનો મળશે તેવી આશા સાથે ઉમેદવારી નોંધાવી હતી હવે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે. કોઈના મનમાં કોઈ મતભેદ નથી કે મનભેદ પણ નથી. જિલ્લા પંચાયતમાં પક્ષના સભ્યો પ્રજાના પ્રશ્નો ઉકેલી અને જિલ્લાના સંતુલિત વિકાસ માટે કાર્યરત બનશે.

## છેતરપીંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડાવી લીધા હતા. તેમજ જગદીશભાઈના મિત્ર સરગાસણ રહેતા કૌશિકભાઈ માધવભાઈ પટેલ નામના વેપારીને લોખંડની એક કંપનીની એજન્સી અપાવવાની લાલચ આપી રૂ. ૫૬.૩૦ લાખનું ઉઘરાણું કરી લીધુ હતુ. બંનેને વિશ્વાસમાં લઈને રૂ. ૧.૮૭ કરોડથી વધુ રોકડ મુદ્દામાલનું ફુલેકુ ફેરવી જયેશ જાવીયા નામનો શખ્સ જગદીશભાઈની હોન્ડા સીટી ગાડી લઈને ભાગી ગયો હતો. જો કે ગાડી બોપલ નજીક ગોધાવી વિસ્તાર પાસે મુકીને જગદીશભાઈને ફોન કરી જયેશે ગાડી ત્યાંથી લઈ જવાની જાણ કરી અન્ડરગ્રાઉન્ડ થઈ ગયો છે. ગાંધીનગરના આ બંને વેપારીઓ ઉપરાંત અન્ય ત્રણ વેપારીઓ સુરેશ ઉર્ફે મનજીભાઈ તલશીભાઈ નયા (સે. ૨૪, શ્રીનગર હાઉસીંગ બોર્ડ), નંદાભાઈ પોપટભાઈ વાઘેલા (સેક્ટર-૪-સી) અને લાલુભાઈ રામાભાઈ પટેલ (કુડાસણ) મળીને ગાંધીનગરના પાંચ વેપારીઓને ચુનો લગાવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. તે ઉપરાંત અમદાવાદના કમળાબેન જગજીવનદાસ પટેલ, અજયભાઈ મંગળભાઈ પટેલ, દિપકભાઈ મંગળદાસ પટેલ, અસ્મિતા દિપકભાઈ પટેલ, વિજય રમેશભાઈ પટેલ, કિરીટભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, કલ્પેશભાઈ અંબાલાલ પટેલ, મનોજભાઈ ધીરજલાલ ખોખર અને જીગરભાઈ ઈશ્વરભાઈ પટેલ મળીને ૧૪ વેપારીઓ પાસે આ પ્રકારે છેતરપીંડી આચરી હોવાનું ધ્યાને આવતા જયેશ જાવિયાની સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ઈન્ફોસીટી પોલીસ મથકના પીએસઆઈ એમ.એચ. સોલંકીએ તપાસ શરૂ કરી છે.

## વણકથી વાતો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- પંચાયતની બહાર વાહન પાર્કિંગની લાંબી લાઈનો થઈ હતી.
- કોંગ્રેસના વિજયના વધામણાં કાર્યકરોએ આતશબાજી, નારેબાજીથી કરી હતી. ● સામાન્યસભા શરૂ થયા પહેલાં નિરીક્ષકો શ્રી નરેશ રાવલ, શ્રી બળદેવ લુણી અને શ્રીમતિ રમીલાબેન દેસાઈ પણ પંચાયત સંકુલમાં આવ્યા હતા અને પ્રમુખની ચેમ્બરમાં બેઠા હતા.
- પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા શ્રી નીશિત વ્યાસ, નિરીક્ષક શ્રી બળદેવ લુણીના ખોળામાં બેસી તેમની ગાડીમાં આગેવાનો સાથે આવી પહોંચ્યા હતા.
- શ્રીમતિ રમીલાબેન દેસાઈની ગાડીમાં મહિલા સભ્યો આવી હતી.
- સામાન્ય સભા બાદ કાર્યકરો અને આગેવાનોએ સભ્યોમાં કાજુ કતરી વહેંચી વિજયના વધામણા કર્યા હતા.

## પ્રમુખપદે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના બંને ઉમેદવારો વિજયી બન્યાના સમાચાર સભાખંડની બહાર આવતાં જ કોંગી કાર્યકરો નાચી ઉઠયા હતા અન કોંગ્રેસ ઝિંદાબાદના ગગનભેદી નારા લગાવી વાતાવરણને ગજવી દીધું હતું તેમજ આતશબાજી પણ કરી હતી. વિજયી બન્યા બાદ સભાખંડની અંદર આવી કોંગીના નિરીક્ષકો શ્રી નરેશ રાવલ, શ્રી બળદેવ લુણી તથા શ્રીમતી રમીલાબેન ચૌધરી, પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, ધારાસભ્યોશ્રી અમીત ચૌધરી, શ્રી બળદેવજી ઠાકોર, શ્રીમતી કામીનીબા રાઠોડ પુર્વ પ્રમુખો શ્રી હરિભાઈ ચૌધરી, શ્રી જશુભા રાણા, કોંગ્રેસના જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખશ્રી ડૉ. કૌશિક શાહ, મહિલા મોરચાના ભાનુમતિબેન રાઠોડ અને કાર્યકરોએ અભિનંદનની વર્ષા વિજેતા ઉમેદવારો પર કીધી હતી, સભાખંડની બહાર સમર્થકોએ બંને વિજેતા ઉમેદવારોને ખભે ઉંચકી અને ડી.જે.ના તાલે નાચ્યા હતા.

## બેદાગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. સંસદીય પાર્ટીમાં ભાજપના સાંસદ કિર્તી આઝાદ દ્વારા કરવામાં આવેલા આવા જ આક્ષેપોનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. આ બેઠકમાં કિર્તી આઝાદ ઉપસ્થિત રહ્યા ન હતા. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સંસદીય બાબતોના મંત્રી વેંકૈયા નાયડુએ મોદીને ટાંકીને કહ્યું હતું કે, સુષ્મા સ્વરાજ, શિવરાજસિંહ ચૌહાણ અને વસુંધરા રાજે જેવા ભાજપના નેતાઓ અગાઉ કોંગ્રેસ તરફથી આવા જ પ્રકારના આક્ષેપોનો સામનો કરી ચુક્યા છે.

## મહત્વનો નિર્ણય.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આના પરિણામે ઈંટ ઉત્પાદકે એક ટેબલ પરથી બીજા ટેબલ પર આપની અરજીના નિકાલ માટે ધક્કા ખાવા નહીં પડે. બિનખેતીની મુળ પ્રક્રિયામાં લગભગ ૧૯ જેટલી સત્તાઓ પાસે નાવાંધા પ્રમાણપક્ષ લેવા જવું પડતું હતું. તેમાં વધારે સરળીકરણ કરીને મહેસુલ મંત્રી તરીકેના વર્તમાન મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન ફક્ત ૬ દસ્તાવેજો સાથે અરજી કરવાની જોગવાઈ અને ફોર્મમાં સરળીકરણ રાખીને અગાઉ જે ફોર્મ ૫૦થી વધારે પાનાનું અટપટુ હતું તે ફક્ત બે પાનામાં અરજીની જોગવાઈ કરી હતી.

## વિમાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોંકાવનારી વિગત પણ ખુલી છે. એવી માહિતી મળી છે કે, છેલ્લી ઘડીમાં વિમાનના પાયલોટને બદલી દેવામાં આવ્યો હતો. હકીકતમાં સિનિયર પાયલોટને વિમાન ઓપરેટ કરવાની જરૂર હતી પરંતુ છેલ્લી ઘડીએ સિનિયર પાયલોટને દૂર કરીને જે બે પાયલોટને વિમાન ઓપરેટ કરવાની મંજુરી અપાઈ હતી.

## નિવિદા

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અત્રેની કચેરીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - બાલીસણામાં વાહન આઉટસોર્સથી ડ્રાઈવર સાથે મહત્તમ રૂ. ૨૨૦૦૦/- અને ૨૦૦૦ કિ.મી.ની મર્યાદામાં આગામી વર્ષ માટે માહે. જાન્યુઆરી, ૨૦૧૬થી રાખવાનું હોઈ વર્ષ ૨૦૧૩ કરતાં ઉંચું મોડલ ધરાવતા વાહન માલિકોએ (જેવા કે મારૂતી ઈકો, બોલેરો, ટાટા સ્પેશિયો) જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૯/૧૨/૧૫ સુધીમાં અત્રેની કચેરીએ ટપાલ મારફતે પોતાના ભાવપત્રકો રજૂ કરવા આથી જાહેરાત આપવામાં આવે છે. તેમજ નિવિદા સંદર્ભ તમામ અધિકારો કચેરીના વડા હસ્તક રહે છે.

મેડીકલ ઓફીસર
પ્રા. આ. કેન્દ્ર, બાલીસણા
તા. પ્રાંતિજ, જિ. સા.કાં.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓફલાઈન જાહેર નિવિદા નં.-૦૨, વર્ષ ૨૦૧૫-૨૦૧૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ પેટા વિભાગ, બંગલા નં. ૨૩૮, ગ-૧ ટાઈપ, સેક્ટર-૯, ગાંધીનગર-૩૮૨૦૦૯ (ફોન: ૦૭૯-૨૩૨૨૫૧૫૮)ની કચેરી દ્વારા M & R to Compound wall at state Water Data Centre, Sector-8, Gandhinagarનું કામ, જેની અંદાજીત કિંમત રૂ. ૨.૮૮ લાખ છે. આ કામ માટે સરકારશ્રીમાં નોંદાયેલ ઈ.૨ અને ઉપરની શ્રેણીમાં વેલીડ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓફલાઈન ભાવ માંગવામાં આવે છે.

આ કામ માટે ટેન્ડર ફી રૂ. ૬૦૦/- (અંકે રૂપિયા છસો પુરા) રોકડાથી ભરીને કોરી ટેન્ડર કોપી તા. ૫-૧-૨૦૧૬ના રોજ ૧૭.૦૦ કલાક સુધી ઈસ્યુ કરવામાં આવશે. આ કામની બાનાની રકમ રૂ. ૨૮૮૦/- (અંકે બે હજાર આઠસો એંસી પુરા)ની શીડ્યુલ્ડ બેંકની એફ.ડી. (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની) કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની સામેલ કરી ભરેલા ટેન્ડર ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવાના રહેશે. ભરેલ ટેન્ડર સાથે ઈજારદારશ્રીનું તાજું નોંધણીનું પ્રમાણપત્ર, પાન નંબર, બેન્ક સોલવંશી (ચાલુ વર્ષની) વિગેરે દસ્તાવેજો આપવાના રહેશે. ટેન્ડર ભરીને પેટા વિભાગીય કચેરીને પરત આપવાની છેલ્લી તારીખ : ૧૩/૧/૨૦૧૬ના ૧૭.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. નિયર સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડરો કોઈપણ સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તેમજ જો શક્ય હશે તો ટેન્ડર તા. ૧૫/૧/૨૦૧૬ના રોજ ૧૪.૦૦ કલાકે ખોલવામાં આવશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

અત્રે આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ કે બધા ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક / અધિકાર ખાતાને અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/૨૧૧૦/૨૦૧૫-૧૬

## નિવિદા

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અત્રેની કચેરીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - પોગલુમાં વાહન આઉટસોર્સથી ડ્રાઈવર સાથે મહત્તમ રૂ. ૨૨૦૦૦/- અને ૨૦૦૦ કિ.મી.ની મર્યાદામાં આગામી વર્ષ માટે માહે. જાન્યુઆરી, ૨૦૧૬થી રાખવાનું હોઈ વર્ષ ૨૦૧૩ કરતાં ઉંચું મોડલ ધરાવતા વાહન માલિકોએ (જેવા કે મારૂતી ઈકો, બોલેરો, ટાટા સ્પેશિયો) જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૯/૧૨/૧૫ સુધીમાં અત્રેની કચેરીએ ટપાલ મારફતે પોતાના ભાવપત્રકો રજૂ કરવા આથી જાહેરાત આપવામાં આવે છે. તેમજ નિવિદા સંદર્ભ તમામ અધિકારો કચેરીના વડા હસ્તક રહે છે.

મેડીકલ ઓફીસર
પ્રા. આ. કેન્દ્ર, પોગલુ
તા. પ્રાંતિજ, જિ. સા.કાં.

## નિવિદા

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અત્રેની કચેરીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - મજરામાં વાહન આઉટસોર્સથી ડ્રાઈવર સાથે મહત્તમ રૂ. ૨૨૦૦૦/- અને ૨૦૦૦ કિ.મી.ની મર્યાદામાં આગામી વર્ષ માટે માહે. જાન્યુઆરી, ૨૦૧૬થી રાખવાનું હોઈ વર્ષ ૨૦૧૩ કરતાં ઉંચું મોડલ ધરાવતા વાહન માલિકોએ (જેવા કે મારૂતી ઈકો, બોલેરો, ટાટા સ્પેશિયો) જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૯/૧૨/૧૫ સુધીમાં અત્રેની કચેરીએ ટપાલ મારફતે પોતાના ભાવપત્રકો રજૂ કરવા આથી જાહેરાત આપવામાં આવે છે. તેમજ નિવિદા સંદર્ભ તમામ અધિકારો કચેરીના વડા હસ્તક રહે છે.

મેડીકલ ઓફીસર
પ્રા. આ. કેન્દ્ર, મજરા
તા. પ્રાંતિજ, જિ. સા.કાં.